સાધારણ દેખાતા લોકો શ્રેષ્ઠ હોય છે અને આના કારણે જ ઇશ્વરે આવા સાધારણ દેખાતા લોકોની સંખ્યા જ સૌથી વધારે રાખી છે
- લિંકન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૯ | ૨ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર સિવીલનું સંચાલન હવે મેડિકલ સોસાયટી હસ્તક

## સોસાયટીએ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ તરીકે ડો. દિપક મહેતાની પસંદગી કરી નિમણુંકના હુકમો કર્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવીલ હોસ્પિટલનું સંપૂર્ણ સંચાલન હવે જીએમઈઆરસી દ્વારા કરવામાં આવશે. આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ તરીકે સોસાયટી એ ડૉ. દિપક મહેતાની નિમણુંક કરતા હુકમો પણ જારી કરી દીધા છે.

ગાંધીનગર સહિત રાજયમાં પાંચ મેડિકલ કોલેજનું સંચાલન આ સોસાયટી દ્વારા થઈ રહ્યું છે. અને આ પાંચેય કોલેજોમાં ક્રમશઃ તેને સંલગ્ન હોસ્પિટલનું સંચાલન સોસાયટી દ્વારા હસ્તગત થઈ રહ્યું છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ સાથે મેડિકલ કોલેજનું સંચાલનઆ સોસાયટીને સંપૂર્ણ રીતે સોંપી દેવામાં આવ્યું છે. આ માત્ર વહીવટીય પ્રક્રિયા હોવાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે.

સિવીલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ તરીકે જાણીતા ઓપ્થોલમોલોજીસ્ટ ડૉ. દિપક મહેતાની નિમણુંક કરવામાં આવી છે.

આ હોસ્પિટલ જયારે સરકાર હસ્તક હતી ત્યારે સિવીલ સર્જન તરીકે ડૉ. ભરત પટેલ ફરજ બજાવતા હતા તેમની બદલી કરાયા બાદ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટની ખાલી પડેલી જગ્યા માટે સોસાયટીએ જાહેરાત આપી અરજીઓ માંગી હતી અને વચગાળાનો ચાર્જ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ તેમજ કોલેજના એનોટોમી વિભાગના વડા ડૉ. સૈયદને સોંપવામાં આવ્યો હતો.

મેડિકલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા પર ભરતી માટે તાજેતરમાં જ ઈન્ટરવ્યુની પ્રક્રિયા સંપન્ન થઈ છે અને ડૉ. મહેતાની નિમણુંક કરવામાં આવી છે. ડૉ. મહેતા આગામી એક બે દિવસમાં પોતાનો નવો હોદ્દો સંભાળી લેશે.

હવે ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાની હોસ્પિટલનો દરજ્જો માણસા પી.એચ.સી.ને તબદીલ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. માણસા ખાતે ૧૦૦ પથારીની સુવિધા ઉભી કરવાનું આયોજન છે અને તે દિશામાં કામગીરી પણ ઘણી બધી આગળ વધી ગઈ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)

સાહસિકતાની પાઠશાળા - વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં સાહસિકતા ખૂબ જ મહત્વનો વિષય છે... અભ્યાસ દરમિયાન જ સાહસિકતાના પાઠ શીખવા જરૂરી છે અને તે માત્ર ચાર દિવાલોના વર્ગખંડમાં જ નહિ, ખુલ્લા મેદાનોમાં, પર્વતોની હારમાળામાં કે નદી-નાળામાં વહેતા ઝરણાઓમાં સાહસિકતાના પાઠ શીખવાય છે... ગાંધીનગર પોલીસ તંત્ર દ્વારા શહેરની શાળાઓના બાળકોને પેરાસાઈલીંગ દ્વારા જમીનથી ઉંચાઈ પર ગુબ્બારાઓના સહારે લઈ જવાય છે... ગુરૂત્વાકર્ષણના નિયમથી વિરૂદ્ધ દિશામાં અસલામતિના ભાવને દૂર કરવા માટે અને સાથે સાથે આત્મવિશ્વાસ વધારવાની પ્રાથમિકતા સાથે પેરાસાઈલીંગનો પ્રયોગાત્મક આરંભ સેક્ટર-૧૧ના રામકથા મેદાન ખાતે કરાયો છે... ૧૫ દિવસ નગરના વિદ્યાર્થીઓને સાહસિકતાના પાઠ શીખવાડાશે.

# માર્ગો પર કલરકોડ પ્રમાણે ડસ્ટબીન

## સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા માટે વધુ ૧૦૦ રોજમદારોની ભરતી કરવાની મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના જાહેર માર્ગો પર કલર કોડ આધારિત ૨૦૦ થી વધુ ડસ્ટબીન મુકવાનો તેમજ શહેરમાં વાયબ્રન્ટ સમીટના આયોજનને લઈ રાત્રી સફાઈ સહિતની કામગીરી માટે વધુ ૧૦૦ રોજમદારોની ભરતી કરવામાં આવશે.

સ્વચ્છ ગાંધીનગરની સરકારને આપેલ ૩૧ ડિસેમ્બરની અવધિને ધ્યાને રાખી તંત્રના સત્તાવાળાઓ હવે સફાઈના મુદ્દે અત્યંત ગંભીર બની અને આગળ વધી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનને લઈ આજે સ્થાયી સમિતિએ ૩૧ જાન્યુઆરી સુધી વધુ ૧૦૦ રોજમદારોની ભરતી કરવાની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીને આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ પણ ૫૦ રોજમદારોની નિમણુંક કરવાની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીને સુપ્રત કરવામાં આવી હતી.

જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટ દરમ્યાન સ્વચ્છતા જાળવવા માટે આ ખાસ નિયુક્તીની સત્તાઓ સુપ્રત કરવામાં આવી છે.

આજે મળેલી આ બેઠકમાં શહેરના જાહેર માર્ગો અને સર્કલો પર ડસ્ટબીન મુકવા માટેની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.


પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખ-રોડ, ઘ-રોડ, ગ-રોડ અને ચ-રોડ પરના સર્કલો પર કલર કોડ આધારિત ડસ્ટબીન મુકવામાં આવશે. ૨૦૦ જેટલી ડસ્ટબીન મુકવામાં આવનાર હોવાનું પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

૯૦ લીટર જેટલા કચરાની ક્ષમતા ધરાવતા આ ડસ્ટબીન રોજેરોજ સાફ કરવામાં આવશે અને ૧૫ ડિસેમ્બર સુધીમાં આ ડસ્ટબીનની કોર્પોરેશનને ડિલવરી મળતાં તે માર્ગો પર મુકવામાં આવશે.

આજની સ્થાયી સમિતિની બેઠકમાં ઘેર-ઘેર ડસ્ટબીન વિતરણ અંગેનો મુદ્દો પણ ચર્ચાયો હોવાનું જાણવા મળેલ છે. દરેક ઘર દીઠ બે ડસ્ટબીન આપવાની યોજના હતી પરંતુ આ ડસ્ટબીનની ડિલવરી હજુ કોર્પોરેશનને પ્રાપ્ત થઈ ન હોવાથી આ મામલે વિલંબ થયાનું ધ્યાને આવવા પામ્યું છે.

ઘેર-ઘેર ડસ્ટબીન આપવાની યોજના પણ આ માસાન્તે આરંભાય

● અનુસંધાન પાન-૭ પર



અશ્વની બોલબાલા - લગ્નની મોસમ પૂરબહાર ખીલી રહી છે ત્યારે વરરાજા માટે ઘોડાની બોલબાલા વધી છે... ડાન્સીંગ હૉર્સ માટે અગ્રતા રહે છે.

# કચ્છ રણોત્સવનો શનિવારે પ્રારંભ

અમદાવાદ, તા.૧

ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા કચ્છના ધોરડોના સફેદ રણમાં યોજાનાર રણોત્સવનો આજથી પ્રારંભ કરાયો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તા ૬ ડિસેમ્બર શનિવારના રોજ રણોત્સવમાં હાજરી આપશે. તા.૧ ડિસેમ્બરથી પાંચમી માર્ચ સુધી ચાલનારા રણોત્સવનું બુકીંગ શરૂ થઈ ગયું છે. ધોરડો ટેન્ટ સિટીમાં ૩૫૦ તંબુઓની નગરી ઉભી કરવામાં આવી છે. આ વખતે પણ પ્રોફેશન એટલે કે ખાનગી પાર્ટી દ્વારા આયોજન કરવામાં આવ્યું હોય પ્રવાસીઓને કોઈપણ પ્રકારની અગવડતાં ન પડે તે માટે નાનામાં નાની બાબતોનુંપણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. મળતી વધુ માહિતી મુજબ આ વખતે પણ સફેદ રણમાં પ્રવાસીઓ માટે ડીલક્ષ વાતાનુકુલિત ડબલ બેડ ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે, તો પ્રત્યેક ટેન્ટ વોશરૂમ સાથે ડીઝાઈન કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય હોટલ પ્રમાણે ટોઈલેટ કીટ સહિતની તમામ બાબતોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ટેન્ટમાં જ ચા, કોફી સહિતની કીટ પણ ઉપલબ્ધ કરાવાની સાથે રણના સૌંદર્યનો આનંદ ખૂબ સારી રીતે માણી શકે તે માટે ગાર્ડન ચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો મીનરલ વોટર, ઉત્તમકક્ષાની ચા, નાસ્તા, ભોજનની પણ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા અને અનુભવી હોટલ કોટયાર્ડ મેરીયોટને સોંપવામાં આવી છે.

આ ઉપરાંત ફૂડ માર્કેટ, ક્રાટ માર્કેટ, એમ્ફી થીયેટર, ગેમિંગ ઝોન, ગીડ્સ રાઈડ્સ, એડવેન્ચર ઝોન, યોગા, કેમલ ડાર્ટ, રણસફારી માટે એટીવી કાર, પ્રદર્શન જેવી અનેક પ્રવૃત્તિઓ પણ પ્રવાસીઓ માટે ખાસ ઉભી કરવામાં આવી છે. પ્રવાસીઓ માટે હંગામી ધોરણે ઉભા કરવામાં આવેલા ટેન્ટ સીટીમાં સુરક્ષાનો પણ ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. રાજ્યું પોલીસતંત્ર, ખાનગી સીક્યુરીટી અને ક્લોઝ સર્કીટ કેમેરા દ્વારા ટેન્ટસીટીને સંપૂર્ણ સુરક્ષિત બનાવાની સાથે ૨૪ કલાક ડોક્ટરની મીની હોસ્પિટલ ઉપરાંત સીનીયર સિટિઝન્સ માટે ગોલ્ફ કારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કાળા ડુંગર પર પ્રવાસીઓને લઈ જવાનું પણ આયોજન કરવામાં આવ્યું હોય તેની સાથે કચ્છી હેન્ડીક્રાટને લોકો માણી શકે અને ચીજવસ્તુઓ ખરીદી શકે તેને ધ્યાન લઈને આર્ટ વિલેજ તરીકે પ્રખ્યાત હોડકોની વીઝીટ પણ સામેલ કરવામાં આવી છે. ભારત પાકિસ્તાન બોર્ડર અને માંડવી બીચની મુલાકાત લેવા ઈચ્છા ધરાવતા હોય તેવા પ્રવાસીઓને નજીવા ખર્ચે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ સિવાય ભુજથી ધોરડો સુધી પ્રવાસીઓને લઈ જવા અને લાવવા માટે ખાસ બસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રણમાં પણ પ્રવાસીઓને લક્ઝરીયસ

● અનુસંધાન પાન-૭ પર







